Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
હોસ્પિટલ ૨૪ કલાક ઈમરજન્સી અને અકસ્માત કેસ માટે ચાલુ છે.
* અનુભવી ડૉક્ટર્સ
* અત્યંત વ્યાજબી ભાવે સેવા
* "માં" કાર્ડ યોજના હેઠળ મફત ઓપરેશન
કેશલેસ અને મેડીકલેઈમની સેવા ઉપલબ્ધ
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર વદ બીજ શનિવાર ૪ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૩૭

પાનાં ૧૦+૧૨ કિંમત ₹ ૫.૦૦

# ઈરાને યુએસનું F-15E જેટ તોડી પાડ્યું

## ભારતને ક્રૂડ, ગેસનો પુરવઠો વધારવા રશિયા સંમત

**અમારી** કંપનીઓ ભારતને સતત ક્રૂડ ઓઈલ અને એલએનજી પૂરો પાડવાની ક્ષમતા ધરાવે છે : રશિયાના પ્રથમ વડા પ્રધાન

**નવી દિલ્હી, તા. 3 (PTI):** પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને તેના કારણે વૈશ્વિક ઉર્જા બજારમાં સર્જાયેલી અસ્થિરતા વચ્ચે રશિયાએ ભારતને ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસના પુરવઠામાં મોટો વધારો કરવાની ઓફર કરી છે. રશિયાના પ્રથમ નાયબ વડા પ્રધાન ડેનિસ મન્તુરોવે વિદેશ મંત્રી એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને નાણામંત્રી નિર્મલા સીતારમણ સાથે પણ મુલાકાત કરી હતી. તેમણે ટોચના નેતૃત્વ સાથે દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. ભારત અને રશિયા વચ્ચેના આ ઉચ્ચ સ્તરીય સંવાદમાં ઉર્જા સુરક્ષાનો મુદ્દો કેન્દ્રસ્થાને રહ્યો હતો. તેમણે ગુરુવારે નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ મુલાકાત કરી હતી. ખાસ કરીને ઈરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરોધો ઊભા કરાતા વૈશ્વિક તેલ અને ગેસના ભાવમાં ઉછાળો આવ્યો છે, કારણ કે વિશ્વનો 20 ટકા તેલ વેપાર આ

...અનુસંધાન પાના 5 પર

### માર્ચ મહિનામાં 90 ટકા ક્રુડ ઓઇલ રશિયાથી આયાત કરવામાં આવી

મીડલ ઇસ્ટમાં ચાલી રહેલા તણાવ અને હોર્મુઝ દરિયાઇ માર્ગથી આવતા પુરવઠામાં વિક્ષેપને ધ્યાને રાખીને ભારતે નવી વ્યૂહરચના બનાવી છે, જેમાં ફેરફાર કરીને ફરીથી ભારતે રશિયા તરફ વળ્યા છે. માર્ચ, 2026માં ભારતે રશિયા પાસેથી ક્રુડ ઓઇલની આયાતમાં લગભગ 90 ટકાનો વધારો કરી છે. જોકે, આ સમયગાળા દરમિયાન, દેશની કુલ ક્રૂડ આયાતમાં લગભગ 15 ટકાનો ઘટાડો થયો હતો. આ પરિવર્તન એવા સમયે આવ્યું છે જ્યારે ઇરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુનીની સુરક્ષાને કારણે ભારતની પરંપરાગત સપ્લાય ચેઇનને અસર થઇ છે. વિશ્વનો લગભગ 20 ટકા ક્રૂડ સપ્લાય આ હોર્મુઝ દરિયાઇ માર્ગમાંથી પસાર થાય છે. આ સંકટના કારણે ભારતે વૈકલ્પિક સ્ત્રોતો તરફ વળવું પડ્યું હતું. આ કિસ્સામાં રશિયા સૌથી મોટા વિકલ્પ તરીકે ઉભરી આવ્યું હતું, જ્યાંથી સસ્તા અને પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ પુરવઠાથી ભારતીય રિફાઇનરીઓને રાહત મળી હતી. ડિસેમ્બર 2025 અને ફેબ્રુઆરી 2026ની વચ્ચે, રશિયા પાસેથી ક્રૂડની ખરીદી તુલનાત્મક રીતે ઓછી હતી, પરંતુ માર્ચમાં તેમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો હતો. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ અમેરિકી છૂટછાટ અને વૈશ્વિક સપ્લાય પરના દબાણને કારણે ભારતે રશિયા પાસેથી ઝડપથી ખરીદીમાં વધારો કર્યો હતો.

**» દક્ષિણ - પ. ઈરાનના એક દુર્ગમ વિસ્તારમાં પાયલોટ ફાઈટર પ્લેનમાંથી કુદી પડ્યો**

**» અગાઉ એક ચેનલ પર આ પાયલોટને મારી નાખવા લોકોને વિનંતી કરાઈ હતી**

**» ઘટના અંગે અમેરિકી સત્તાવાળાઓનું મૌન, પણ પાયલટને શોધવાનું અભિયાન જારી**



**દુબઈ, તા. 3 :** ઈરાન ઉપર એક યુએસ F-15E ફાઈટરને તોડી પાડવામાં આવ્યું છે , જેના કારણે તેના બે સભ્યોના ક્રૂ માટે શોધ અને બચાવ કાર્ય શરૂ થયું છે, જે યુદ્ધની શરૂઆત પછી આવી પહેલી ઘટના છે. ઈરાની સ્ટેટ ટેલિવિઝન સાથે જોડાયેલી એક ચેનલે શુક્રવારે દાવો કર્યો હતો કે એક અમેરિકી ફાઈટર પાઈલટ દક્ષિણ-પશ્ચિમ ઈરાન ઉપર તેના વિમાનમાંથી ઈજેક્ટ થયો (બહાર નીકળી ગયો) હતો. ઈરાનના રાજ્ય મીડિયાએ શુક્રવારે વહેલી સવારે પૂંછડીના ફિન અને અન્ય કાટમાળની છબીઓ પ્રકાશિત કરી હતી અને પ્રારંભિક દાવો કર્યો હતો કે મધ્ય ઈરાન પર એક નવી હવાઈ સંરક્ષણ પ્રણાલી દ્વારા યુએસ F-35 ને ટક્કર આપવામાં આવી હતી અને પાયલોટનું મોત થયું હોવાની શક્યતા છે. સોશિયલ મીડિયા પર સામે આવેલા ફૂટેજમાં અમેરિકન ડ્રોન, એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર તે પહાડી વિસ્તાર ઉપર ઉડતા જોવા મળ્યા હતા જ્યાં ઈરાની ચેનલે દાવો કર્યો હતો કે ફાઈટર જેટમાંથી ઓછામાં ઓછો એક પાયલટ બહાર નીકળી ગયો હતો.

લગભગ પાંચમા સપ્તાહના અંતે પહોંચેલા યુદ્ધમાં વધુ એક નાટકીય ઉગ્રતા લાવી શકે છે. પરિસ્થિતિથી વાકેફ યુએસ અધિકારીઓએ પાછળથી ઓફ ધ રેકોર્ડ પુષ્ટિ આપી કે એક F-15E ને તોડી પાડવામાં આવ્યું હતું અને પેન્ટાગોન ક્રૂને શોધવા માટે દોડધામ કરી રહ્યું હતું. અમેરિકાએ આ બાબતે ટિપ્પણી માટેની વિનંતીઓનો તાત્કાલિક પ્રતિસાદ આપ્યો નથી.

### પાયલોટને શોધવા અમેરિકાએ બચાવ ઓપરેશન શરૂ કર્યું



**દુબઈ, તા. 3 (AP):** ઈરાનના સ્થાનિક સરકારી મીડિયાએ દક્ષિણ-પશ્ચિમ ઈરાનમાં એક અમેરિકન ફાઈટર જેટ ક્રેશ થયું હોવાનું અને ઓછામાં ઓછા એક ક્રૂ મેમ્બરે બહાર નીકળવા માટે પેરાશૂટનો ઉપયોગ કર્યો હોવાનું જણાવ્યા બાદ, અમેરિકી સૈન્યએ બચાવ કામગીરી શરૂ કરી છે. અમેરિકાની સત્તાવાર જાહેરાત પહેલા નામ ન આપવાની શરતે માહિતી આપનાર ઇઝરાયેલી સૈન્ય અધિકારીના જણાવ્યા અનુસાર,

...અનુસંધાન પાના 5 પર

### મંત્રણાની વાતો વચ્ચે અખાતી પ્રદેશમાં સામસામા હુમલાઓ ચાલુ

**ઇરાને** કરેલા હુમલાથી કુવૈતની એક રિફાઇનરીમાં આગ, સાઉદી અરેબિયાનો ઇરાનના અનેક ડ્રોન તોડી પાડ્યાનો દાવો

**ઇરાનના** તેહરાન અને ઇસ્ફહાન શહેરો પર હુમલા થયા

**દુબઇ, તા. 3:** ઇરાન અને અમેરિકા-ઇઝરાયેલ યુદ્ધમાં શાંતિ વાટાઘાટોની વાતો વચ્ચે સામસામા હુમલાઓ ચાલુ રહ્યા છે. ઈરાને સમગ્ર પ્રદેશમાં વિવિધ લક્ષ્યો પર હુમલા કર્યા હતા, જેમાં કુવૈતની મિના અલ-અહમદી ઓઈલ રિફાઈનરીમાં આગ લાગી હતી. સરકારી માલિકીની કુવૈત પેટ્રોલિયમ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, અગ્નિશામકો ત્યાં લાગેલી અનેક આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. કુવૈતે વધુમાં જણાવ્યું હતું કે ઈરાની હુમલાને કારણે એક ડિસેલિનેશન પ્લાન્ટને પણ ભૌતિક નુકસાન થયું છે. ગલ્ફ દેશોમાં પીવાના પાણીના મોટાભાગના પુરવઠા માટે આવા પ્લાન્ટ્સ જવાબદાર છે, અને હવે તેઓ આ યુદ્ધમાં મુખ્ય નિશાન બની રહ્યા છે. અમેરિકા અને ઇઝરાયેલના એ દાવા છતાં કે ઈરાનની સૈન્ય ક્ષમતાઓ લગભગ નાબૂદ થઈ ગઈ છે,

...અનુસંધાન પાના 5 પર

### અબુ ધાબીમાં પ્રોજેક્ટાઇલનો કાટમાળ પડવાથી 5 ભારતીયો સહિત 12 ઘાયલ

**અબુધાબીઃ** યુએઈના અબુ ધાબીમાં શુક્રવારે તોડી પાડવામાં આવેલા પ્રોજેક્ટાઈલનો કાટમાળ પડવાને કારણે પાંચ ભારતીયો અને અન્ય સાત લોકો ઘાયલ થયા હોવાનું સત્તાવાળાઓએ જણાવ્યું હતું. અબુ ધાબી મીડિયા ઓફિસે જણાવ્યું હતું કે, હવામાં તોડી પાડવામાં આવેલા આ પ્રોજેક્ટાઈલનો કાટમાળ શહેરના અજબાન વિસ્તારમાં પડ્યો હતો. સરકારી એજન્સીએ જણાવ્યું કે, પાંચેય ભારતીય નાગરિકોને માત્ર સામાન્ય ઈજાઓ થઈ છે. આ ઘટનામાં ઘાયલ થયેલા બાકીના તમામ લોકો નેપાળી નાગરિકો છે. આ જ વિસ્તારમાં ગેસ ફેસિલિટી

...અનુસંધાન પાના 5 પર

### ઇરાનના માજી વિદેશ મંત્રીની નવી શાંતિ ફોર્મ્યુલા

**તેહરાન :** ઇરાનના ભૂતપૂર્વ વિદેશ મંત્રી જાવેદ ઝરીફે શાંતિ માટે એક નવી ફોર્મ્યુલા સૂચવી છે. તેમણે લખ્યું છે કે, "ઈરાને તેના પરમાણુ કાર્યક્રમ પર મર્યાદા મૂકવા અને તમામ પ્રતિબંધો નાબૂદ કરવાના બદલામાં હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવાની દરખાસ્ત મૂકવી જોઈએ-એવો સોદો જે

...અનુસંધાન પાના 5 પર

### ફાઇટર જેટ તોડી પડાયા અંગે ટ્રમ્પને માહિતગાર કરાયા

વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે સીએનએનને જણાવ્યું હતું કે, અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પને અમેરિકન ફાઇટર જેટના તોડી પાડવાની ઘટના અંગે માહિતી આપવામાં આવી છે, કારણ કે વિમાનના ક્રૂ, પાઇલટ અને શસ્ત્ર અધિકારી માટે શોધ અને બચાવ પ્રયાસો ચાલુ છે.

### બેમાંથી એક પાયલટને બચાવી લેવાયાના અહેવાલ

એક ઇઝરાયેલી મીડિયા આઉટલેટના અહેવાલ મુજબ, બે ક્રૂ સભ્યોમાંથી એકને ઈરાનથી બચાવી લેવામાં આવ્યો છે. ઇઝરાયલની ચેનલ 12 મુજબ, પશ્ચિમી સ્ત્રોતને ટાંકીને, નીચે પડી ગયેલા F-15E સ્ટ્રાઇક ઇગલ પર સવાર બે અમેરિકન ક્રૂ મેમ્બરમાંથી એકને દક્ષિણ ઇરાનમાંથી બચાવીને બહાર કાઢવામાં આવ્યો છે.

### પાયલોટને શોધી કાઢનારને ૬૦૦૦૦ ડોલરનું ઇનામ જાહેર

ઈરાની ન્યૂઝ આઉટલેટ્સના જણાવ્યા અનુસાર, મધ્ય ઈરાન ઉપર અમેરિકાનું એક સ્ટિલ્થ જેટ તૂટી પડ્યા બાદ તેનો એક પાયલોટ દુર્ગમ વિસ્તારમાં ભાગતો ફરે છે. ઈરાનના સરકારી મીડિયાએ અહેવાલ આપ્યો છે કે કોઈપણ નાગરિક જે તોડી પાડવામાં આવેલા

...અનુસંધાન પાના 5 પર

## દેશભરના ટોલ પ્લાઝા પર 10 એપ્રિલથી રોકડ ચુકવણી બંધ કરાશે

**દેશભરમાં** રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર હવેથી ટોલ ટેક્સ ફક્ત FASTag અને UPI વડે જ વસુલ કરાશે

**સંપૂર્ણપણે** ડિજિટલ ચુકવણી તરફ જવાથી ટ્રાફિક હળવો થશે અને મુસાફરીનો અનુભવ બહેતર બનશે : NHAI



**નવી દિલ્હી, તા. 03 :** દેશમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો પરના ટોલ પ્લાઝા પર 10 એપ્રિલથી, રોકડ ચુકવણી સંપૂર્ણપણે બંધ થઈ જશે, અને ફક્ત FASTag અને UPI દ્વારા જ ચૂકવણીને અમલી બનશે. જેનાથી ટોલ પ્લાઝા ચુકવણી સિસ્ટમ સંપૂર્ણપણે ડિજિટલ બનશે. એક સરકારી નોટિફિકેશનમાં જણાવાયું છે કે 10 એપ્રિલથી, દેશભરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ફક્ત ડિજિટલ ટોલિંગ સિસ્ટમ્સ ઉપલબ્ધ થશે.

સરકારે તમામ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ફી પ્લાઝા પર રોકડ વ્યવહારોને તબક્કાવાર બંધ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. હવે, તેને સંપૂર્ણપણે અમલમાં મૂકવામાં આવશે. ડિજિટલ ટોલિંગ ઈકોસિસ્ટમ બનાવવા અને એકંદર નેટવર્કને સુધારવા માટે આ ફેરફાર કરવામાં આવ્યો છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ અગાઉ જણાવ્યું હતું કે ટોલ ચુકવણી ફક્ત FASTag અને UPI ડિજિટલ પદ્ધતિઓ દ્વારા જ પ્રક્રિયા કરવામાં આવશે.

ઓથોરિટીનું કહેવું છે કે આ ફેરફારથી ટોલ પ્લાઝા પર ભીડ ઓછી થશે, ચુકવણીમાં વધુ પારદર્શિતા આવશે અને મુસાફરી સરળ બનશે. અહેવાલ મુજબ, દેશભરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસવે પર 1,150 થી વધુ ટોલ પ્લાઝા છે. NHAI કહે છે કે સંપૂર્ણપણે ડિજિટલ ચુકવણી તરફ જવાથી ટ્રાફિક હળવો થશે અને મુસાફરીનો અનુભવ સારો થશે.

## હોર્મુઝ ખાડી અંગેના બહેરીનના ઠરાવ પર આજે UNમાં મતદાન

**આ ઠરાવ** વિશ્વના દેશોને પોતાના જહાજોના રક્ષણ માટે રક્ષણાત્મક પગલા લેવાનું કહે છે

**ભારત** આ ઠરાવનું સહપ્રાયોજક છે, ચીન અને રશિયાનો વિરોધ

**યુનાઈટેડ નેશન્સ, તા. 3 (PTI):** બહેરીન દ્વારા પ્રસ્તાવિત કરાયેલ એક ઠરાવ પર સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ શનિવારે મતદાન કરશે. આ પ્રસ્તાવ હોર્મુઝની સામુદ્રધુનીને ફરીથી ખોલવા અંગે છે, જોકે કાયમી સભ્યો ચીન અને રશિયાએ આ લખાણના અગાઉના સંસ્કરણોનો વિરોધ કર્યો હતો, જેમાં દેશો દ્વારા બળપ્રયોગ કરવાની છૂટ આપવામાં આવી હતી. સુરક્ષા પરિષદનો આ ડ્રાફ્ટ રિઝોલ્યુશન ભારપૂર્વક જણાવે છે કે હોર્મુઝની સામુદ્રધુની તમામ પરિવહન માટે ખુલ્લી છે અને કોઈ પણ રાષ્ટ્ર પાસે તેને બંધ કરવાનો કે તેના પર નિયંત્રણ રાખવાનો અધિકાર નથી.

તે રાજ્યોને આંતરરાષ્ટ્રીય નેવિગેશનમાં અવરોધ ઉભા કરતા કોઈપણ કૃત્યોને રોકવા અને પરિવહન સુરક્ષિત કરવા માટે માત્ર રક્ષણાત્મક પગલાં લેવાની સત્તા આપે છે. તે આંતરરાષ્ટ્રીય કાયદા અને માનવીય કાયદાનું પાલન કરીને સુરક્ષિત માર્ગ માટે તમામ રાજ્યોને એકત્ર થવા અને સમર્થન આપવા માટે સ્પષ્ટ કાનૂની આધાર પૂરો પાડે છે. ઠરાવના મુસદ્દા મુજબ, આ સત્તાનો ઉપયોગ કરનારા દેશોએ સંયુક્ત રાષ્ટ્રને તેની જાણ કરવી અને અહેવાલ આપવો પડશે, જેથી

...અનુસંધાન પાના 5 પર

## અણુ સંચાલિત સબમરીન INS અરિદમન નૌકાદળમાં સામેલ

**ભારતીય** નૌકાદળમાં અણુ સંચાલીત સબમરીનોની સંખ્યા ત્રણ થઇ

**જો** કે આ સબમરિનના કમિશનિંગ અંગે હજી કોઇ સત્તાવાર નિવેદન નહીં



**નવી દિલ્હી, તા. 3 (PTI):** ભારતે શુક્રવારે તેની નવી સ્વદેશી બનાવટની પરમાણુ સંચાલિત બેલેસ્ટિક મિસાઈલ સબમરીન INS અરિદમનને સેવામાં સામેલ કરી છે, જેનાથી પરમાણુ ત્રિકોણના નૌકાદળના ઘટકને વધુ મજબૂત બનાવવામાં આવ્યું છે, તેમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. ભારતનો પરમાણુ સંચાલિત બેલેસ્ટિક મિસાઈલ સબમરીન (SSBN) કાર્યક્રમ એક અત્યંત સુરક્ષિત અને ગુપ્ત પ્રોજેક્ટ છે. INS અરિહંત આ SSBN પ્રોજેક્ટ હેઠળની પ્રથમ સબમરીન હતી, ત્યારબાદ અન્ય એક વાહન INS અરીઘાત આવ્યું હતું.

ભારત પરમાણુ સંચાલિત સબમરીન ધરાવતા વિશ્વના ચુનંદા દેશોના જૂથમાં સામેલ છે. અમેરિકા, રશિયા, યુકે, ફ્રાન્સ અને ચીન પાસે આવી સંપત્તિઓ છે. INS અરિહંત ભારતની પ્રથમ સ્વદેશી બનાવટની પરમાણુ સબમરીન છે. તે જુલાઈ 2009માં લોન્ચ કરવામાં આવી હતી અને 2016માં શાંતિપૂર્ણ રીતે કાર્યરત કરવામાં આવી હતી. નૌકાદળે

...અનુસંધાન પાના 5 પર

## ઈંધણની તંગી વચ્ચે સંઘરાખોરો પર ત્રાટકવા કેન્દ્રની રાજ્યોને સૂચના

**દૈનિક** દરોડાઓ અને તપાસની કાર્યવાહીઓ હાથ ધરવા તથા ગેરમાર્ગે દોરતી માહિતી સામે કડક તકેદારી રાખવા જણાવાયું

**નવી દિલ્હી, તા. 3 (PTI):** હોર્મુઝની સામુદ્રધુની બંધ થવાને કારણે પુરવઠા અંગે ઊભી થયેલી ચિંતાઓ વચ્ચે, કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પેટ્રોલિયમ પેદાશો અને એલપીજીની સંગ્રહખોરી અને કાળાબજાર સામે કડક કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો છે. આવશ્યક વસ્તુ ધારા અને એલપીજી કંટ્રોલ ઓર્ડરની જોગવાઈઓનો અમલ કરતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે રાજ્યોને અમલીકરણ તેજ કરવા, ઓઈલ માર્કેટિંગ કંપનીઓના સમન્વય સાથે દૈનિક દરોડા અને તપાસ કરવા અને ડાયવર્ઝન તથા ગેરમાર્ગે દોરતી માહિતી સામે કડક તકેદારી રાખવા જણાવ્યું છે, તેમ એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે. રાજ્યોને દૈનિક પ્રેસ

...અનુસંધાન પાના 5 પર

તા. 03-04-૨૦૨૬નું સુરત શહેરનું
### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૪.૪° સે. | ૨૪.૨° સે. | ૫૦ % |

**યુદ્ધના કારણે ક્રુડ ઓઇલના ભાવ વધતા પાકિસ્તાનમાં ડીઝલના ભાવમાં 55% અને પેટ્રોલમાં 43%નો વધારો**

## પાકિસ્તાનમાં એક લિટર પેટ્રોલનો ભાવ રૂ. 458 અને ડિઝલ રૂ. 520

**પાકિસ્તાની** સરકારે પેટ્રોલના ભાવમાં રૂ. 137 અને ડીઝલના ભાવમાં રૂ. 184નો વધારો કર્યો, પેટ્રોલ પર ટેક્સ પણ વધાર્યો

### યુદ્ધ લાંબુ ચાલશે તો પાકિસ્તાનમાં ઇંધણના ભાવ 600 રૂપિયા પાર જઇ શકે

નિષ્ણાતો માને છે કે જો યુદ્ધ લાંબા સમય સુધી ચાલુ રહેશે તો પાકિસ્તાનમાં ઈંધણના ભાવ 600 રૂપિયાને પાર કરી શકે છે, જે દેશમાં ફુગાવાનો નવો રેકોર્ડ બનાવી શકે છે. ડીઝલના ભાવમાં વધારો થવાથી નૂર ખર્ચ મોંઘો થશે, જેના કારણે ફળો, શાકભાજી અને દૈનિક ઉપયોગની વસ્તુઓના ભાવમાં વધારો થશે.

**ઈસ્લામાબાદ, તા. 03 :** અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયા બાદ પાકિસ્તાનમાં પેટ્રોલના ભાવમાં 43 ટકા અને ડીઝલના ભાવમાં 55 ટકા જેવો મોટો વધારો કરાતા એક લિટર પેટ્રોલ 458 રૂપિયા અને ડીઝલ 520 રૂપિયા પર પહોંચી ગયું છે. નવા દર ગુરુવારે મધ્યરાત્રિથી અમલમાં આવ્યા. સરકારના નિર્ણયને કારણે પાકિસ્તાનમાં પેટ્રોલના ભાવ 137.23 રૂપિયા વધીને 458.41 રૂપિયા અને ડીઝલના ભાવ 184.49 રૂપિયા વધીને 520.35૫ રૂપિયા પ્રતિ લિટર થયા છે. કેરોસીનના ભાવ પણ 34.08 રૂપિયા વધીને 457.80 રૂપિયા પ્રતિ લિટર થયા છે. પાકિસ્તાનના પેટ્રોલિયમ મંત્રી અલી પરવેઝ મલિકે આ નિર્ણયને મુશ્કેલ ગણાવ્યો અને કહ્યું કે વૈશ્વિક બજારની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ જરૂરી હતું.

ગયા મહિને પણ પાકિસ્તાનમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં 55 રૂપિયાનો વધારો થયો હતો. તે સમયે પેટ્રોલનો ભાવ 321.17 રૂપિયા અને ડીઝલનો ભાવ 335.86 રૂપિયા હતો. ભાવ સંતુલન જાળવવા માટે, શરીફ સરકારે પેટ્રોલિયમ કર દરોમાં પણ સુધારો કર્યો છે. પેટ્રોલ પરનો ટેક્સ રૂ. 105 થી વધારીને પ્રતિ લિટર રૂ. 160 કરવામાં આવ્યો છે. ડીઝલના ભાવમાં તીવ્ર વધારો અટકાવવા માટે, ડીઝલ પરનો ટેક્સ રૂ. 55થી ઘટાડીને શૂન્ય કરવામાં આવ્યો છે. વડા પ્રધાનના આર્થિક બાબતોના સલાહકાર ખુર્રમ શહઝાદે એક મુલાકાતમાં જણાવ્યું હતું

...અનુસંધાન પાના 5 પર

## CBSEમાં છઠ્ઠા ધોરણથી ત્રણ ભાષા, 9મા ધોરણથી ગણિત-વિજ્ઞાનના બે લેવલ

**નવા** શૈક્ષણિક વર્ષથી આ યોજનાનો અમલ થશે, વિદ્યાર્થીઓએ બે ભારતીય મૂળની ભાષા ફરજિયાત ભણવી પડશે

**નવી દિલ્હી, તા. 3 (PTI):** સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ તેનો નવો અભ્યાસક્રમ જાહેર કર્યો છે, જેમાં શૈક્ષણિક સત્ર 2026-27 થી ધોરણ 6 થી ત્રણ-ભાષાના સૂત્રના તબક્કાવાર અમલીકરણ અને ધોરણ 9 થી ગણિત તથા વિજ્ઞાન માટે બે-સ્તરની પ્રણાલી શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે, તેમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

જ્યારે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) હેઠળ ફરજિયાત ત્રણ-ભાષાનું સૂત્ર 2026 થી ધોરણ 6 માટે લાગુ કરવામાં આવશે, ત્યારે ધોરણ 9 માટે ગણિત અને વિજ્ઞાનમાં ફરજિયાત સ્ટાન્ડર્ડ અને વૈકલ્પિક એડવાન્સ અભ્યાસક્રમોની બે-સ્તરની પ્રણાલી દાખલ કરવામાં આવશે. બોર્ડના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ભાષાઓને વિવિધ તબક્કાઓ - R1, R2 અને R3 - ના માળખા દ્વારા વ્યવસ્થિત કરવામાં આવી છે. નવા નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક (NCF)ની ભલામણો મુજબ, આ ત્રણમાંથી બે ભાષાઓ

...અનુસંધાન પાના 5 પર